**સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૯.**

# ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) વિધેયક, ૨૦૨૦.


| કલમ | વિગત |
|---|---|
| ૧. | ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ, લાગુ પડવા બાબત અને આરંભ. |
| ૨. | વ્યાખ્યા. |
| ૩. | જમીન પચાવી પાડવી ગેરકાયદેસર હોવા બાબત. |
| ૪. | જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ. |
| ૫. | જમીન પચાવી પાડવાના સંબંધમાં અન્ય ગુના બદલ શિક્ષા. |
| ૬. | કંપનીઓએ કરેલા ગુના. |
| ૭. | વિશેષ કોર્ટની રચના. |
| ૮. | પબ્લિક પ્રોસિક્યુટર. |
| ૯. | વિશેષ કોર્ટની કાર્યરીતિ અને સત્તા. |
| ૧૦. | વિશેષ કોર્ટ પાસે દીવાની કોર્ટ અને સેસન્સ કોર્ટની સત્તા રહેશે. |
| ૧૧. | સાબિતીનો બોજો. |
| ૧૨. | પોલીસ અધિકારી દ્વારા  માહિતી નોંધવા અને તપાસ હાથ ધરવા બાબત. |
| ૧૩. | અધિનિયમ હેઠળ કામ કરતી વ્યક્તિઓ રાજ્ય સેવકો ગણાશે. |
| ૧૪. | શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ. |
| ૧૫. | અધિનિયમની બીજા કાયદાઓ પર ઉપરવટ અસર હોવા બાબત. |
| ૧૬. | નિયમો કરવાની સત્તા. |
| ૧૭. | પચાવી પાડેલી જમીન બીજાને આપવા પર પ્રતિંબધ હોવા બાબત. |
| ૧૮. | મુશ્કેલીઓ દૂર કરવાની રાજય સરકારની સત્તા. |
| ૧૯. | રદ કરવા બાબત અને અપવાદ |

# <u>GUJARAT BILL NO. 19 OF 2020.</u>

## THE GUJARAT LAND GRABBING (PROHIBITION) BILL, 2020.

### *A BILL*

*to prohibit land grabbing activities and connected matters in the State of Gujarat.*

**<u>સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૯ .</u>**

## ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) વિધેયક, ૨૦૨૦.

## ગુજરાત રાજયમાં જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિઓ અને તેની સાથે સંકળાયેલી બાબતો પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના એકોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

(૨) તે સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડે છે.

(3) તે સન ૨૦૨૦ના ઓગસ્ટ મહિનાની ૨૯મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

**૨.** આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- **વ્યાખ્યા.**

(ક) "સમિતિ" એટલે આ અધિનિયમના હેતુઓ માટે રાજય સરકાર વખતોવખત જાહેર કરે તેવી જિલ્લા કલેકટરની અધ્યક્ષતા હેઠળની સમિતિ;

(ખ) "સરકાર" એટલે ગુજરાત સરકાર;

(ગ) "જમીન"માં, જમીનમાંના અથવા તેની ઉપરના હકનો, જમીન અને મકાનો, માળખા અને ભૂમિ સાથે જોડાયેલી બીજી વસ્તુઓ અથવા ભૂમિ સાથે

જોડાયેલી કોઇ વસ્તુ સાથે કાયમીપણે બંધાયેલી કોઇ વસ્તુમાંથી ઊભા થનારા લાભોનો સમાવેશ થાય છે;

(ઘ) "જમીન પચાવી પાડનાર" એટલે જમીન પચાવી પાડનાર વ્યક્તિ અને તેમાં, કોઇ વ્યક્તિને જમીનોનો ગેરકાયદેસર કબજો લેવા માટે અથવા એવી જમીન ઉપર અનધિકૃત માળખાના બાંધકામ માટે નાણાકીય સહાય કરે અથવા એવી જમીનોના ભોગવટેદારો પાસેથી ગુનાઇત ધાકધમકીથી ભાડું, વળતર અને બીજા ચાર્જ વસૂલ કરે અથવા વસૂલવાનો પ્રયત્ન કરે અથવા ઉપર જણાવેલા કૃત્યો પૈકી કોઇ કૃત્ય કરવામાં મદદગારી કરે તેવી કોઇ વ્યક્તિનો સમાવેશ થાય છે અને તેમાં, હિત-ઉત્તરાધિકારીઓનો પણ સમાવેશ થાય છે;

(ચ) "જમીન પચાવી પાડવી" એટલે બળ, ધમકી, ગુનાઇત ધાકધમકી અને છળકપટનો ઉપયોગ કરીને અથવા તે વિના (સરકાર, જાહેર ક્ષેત્રના ઉપક્રમ(અન્ડરટેકિંગ), સ્થાનિક સત્તામંડળ, ધાર્મિક અથવા સખાવતી સંસ્થા અથવા બીજી કોઇ ખાનગી વ્યક્તિની માલિકીની હોય તેવી) કોઇ જમીન, જેના પર તેને અથવા તેમને કોઇ માલિકી, માલિકી હક અથવા પ્રત્યક્ષ કબજો ન હોય અને કોઇ કાયદેસરના અધિકાર વગર અને એવી જમીનનો ગેરકાયદેસર કબજો લેવાના આશયથી અથવા એવી જમીન પર ગેરકાયદેસર કબજા-ભોગવટા હક અથવા પટો અથવા પરવાનો (લાઇસન્સ), કબૂલાત અથવા તબદીલી અથવા વેચાણ ઊભા કરવા અથવા વેચાણ અથવા ભાડાં અથવા ઉપયોગ અથવા ભોગવટા માટે તેના ઉપર અનધિકૃત માળખાં ઊભા કરવા માટે કોઇ જમીનનો ભોગવટો કરવાની અથવા ભોગવટો કરવાનો પ્રયત્ન કરવાની જમીન પચાવી પાડનારની દરેક પ્રવૃત્તિ અને "પચાવી પાડેલી જમીન" એ શબ્દોનો તદનુસાર અર્થ થશે;

(છ) "વ્યક્તિ" માં, વ્યક્તિઓના સમુહ અથવા મંડળનો, એસોસિએશન અથવા કંપની અથવા સંસ્થાપિત હોય કે ન હોય તેવી કોઇ ધાર્મિક અથવા સખાવતી સંસ્થા અથવા દેણગીનો સમાવેશ થાય છે;

(જ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ઝ) "વિશેષ કોર્ટ" એટલે કલમ ૭ હેઠળ રચાયેલી વિશેષ કોર્ટ;

(ટ) "અનધિકૃત બાંધકામ (માળખાં)" એટલે સક્ષમ સત્તાધિકારીની સ્પષ્ટ લેખિત પરવાનગી વિના અથવા આવા વિસ્તારમાં તત્સમયે અમલમાં હોય તેવા અન્ય કોઇ કાયદા અનુસાર હોય તે સિવાય, (આવા વિસ્તારમાં) કરવામાં આવેલું કોઇપણ બાંધકામ (ઊભું કરેલું માળખું).

**3.** કોઇપણ સ્વરૂપમાં જમીન પચાવી પાડવી એ પ્રતિબંધિત રહેશે અને ગેરકાયદેસર જાહેર થશે અને જમીન પચાવી પાડવા સાથે સંકળાયેલી અથવા તેના કારણે થતી કોઇપણ પ્રવૃત્તિ, આ અધિનિયમ હેઠળ શિક્ષાને પાત્ર ગુનો રહેશે.

**જમીન પચાવી પાડવી ગેરકાયદેસર હોવા બાબત.**

**૪.** (૧) કોઇપણ વ્યક્તિએ, પોતે અથવા બીજી કોઇ વ્યક્તિ મારફત જમીન પચાવી પાડવી અથવા પચાવી પડાવવી જોઇશે નહિ.

**જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ.**

(૨) આ અધિનિયમના આરંભની તારીખે અથવા તે પછી, સરકારની, સ્થાનિક સત્તામંડળની, ધાર્મિક અથવા સખાવતી સંસ્થાની અથવા દેણગીની અથવા અન્ય ખાનગી વ્યક્તિની પચાવી પાડેલી જમીનના કાયદેસર ભાડૂત તરીકે હોય તે સિવાય, તેનો ભોગવટો ચાલુ રાખે, તેવી કોઇ વ્યક્તિ, આ અધિનિયમ હેઠળ ગુના માટે દોષિત ગણાશે.

(૩) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨)ની જોગવાઇઓનું ઉલ્લંઘન કરે તેવી કોઇપણ વ્યક્તિને, દોષિત ઠર્યેથી, દસ વર્ષ કરતાં ઓછી નહિ પણ ચૌદ વર્ષની મુદત સુધીની કેદની અને એવી મિલકતોની જંત્રીની કિંમત સુધીના દંડની શિક્ષા થશે.

**૫.** આ અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને જમીન પચાવી પાડવાના ઇરાદાથી અથવા તેવી કોઇ જમીન પચાવી પાડવાના સંબંધમાં, જે કોઇપણ વ્યક્તિ,-

**જમીન પચાવી પાડવાના સંબંધમાં અન્ય ગુના બદલ શિક્ષા.**

(ક) પચાવી પાડેલી કોઇ જમીનનું વેચાણ કરે અથવા ફાળવે અથવા તેનું વેચાણ અથવા ફાળવણી કરવા માટે આપવાની તૈયારી બતાવે અથવા જાહેરાત કરે અથવા વેચાણ અથવા ફાળવણીના હેતુ માટે તેનો કબજો ધરાવે;

(ખ) જમીન પચાવી પાડવા માટે કોઇ વ્યક્તિને ઉત્તેજન આપે અથવા ઉશ્કેરણી કરે;

(ગ) પચાવી પાડેલ જમીનનો ઉપયોગ કરે અથવા વેચાણ અથવા ફાળવણી સાથે સંકળાયેલા હેતુઓ માટે ઇરાદાપૂર્વક(જાણીબૂજીને) ઉપયોગ કરાવે અથવા ઉપયોગ કરવાની પરવાનગી આપે; અથવા

(ઘ) તેવી જમીન પર કોઇ માળખા અથવા મકાનના બાંધકામ માટેનો કરાર કરે;

(ચ) કોઇ વ્યક્તિ પાસે ઉપર જણાવેલા કૃત્યો પૈકી કોઇપણ કૃત્યો કરાવડાવે અથવા કરાવે અથવા કરાવવાનો પ્રયત્ન કરે;

-તેને, દોષિત ઠર્યેથી, દસ વર્ષ કરતાં ઓછી નહિ પણ ચૌદ વર્ષની મુદત સુધીની કેદની અને એવી મિલકતોની જંત્રીની કિંમત સુધીના દંડની શિક્ષા થશે.

**કંપનીઓએ કરેલા ગુના.**

**૬.** (૧) આ અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરતી વ્યક્તિ કંપની હોય, તો ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય તે સમયે કંપનીનો હવાલો ધરાવતી હોય અને કંપનીના કામકાજના સંચાલન માટે કંપનીને જવાબદાર હોય તેવી દરેક વ્યક્તિ તેમજ કંપની તે ઉલ્લંઘન માટે દોષિત ગણાશે અને તેની સામે કાર્યવાહી ચલાવી શકાશે અને તદનુસાર તેમને શિક્ષા કરી શકાશે:

પરંતુ એવી કોઇ વ્યક્તિ એમ સાબિત કરે કે તે ઉલ્લંઘન તેની જાણ બહાર થયું હતું અથવા તેવો ઉલ્લંઘન થતું અટકાવવા માટે તેણે તમામ યોગ્ય કાળજી રાખી હતી, તો તે, આ પેટા-કલમના કોઇપણ મજકૂરથી કોઇ શિક્ષાને પાત્ર થશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળનો કોઇ ગુનો કંપનીએ કર્યો હોય અને એમ સાબિત થાય કે ગુનો કંપનીના કોઇ ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારીની સંમતિથી અથવા તેમની મૂક સંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલી કોઇ બેદરકારીને કારણે થયો છે, ત્યારે તેવા ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારી પણ તે ગુના માટે દોષિત હોવાનું ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદનુસાર તેમને શિક્ષા થઇ શકશે.

**સ્પષ્ટીકરણ:-** આ કલમના હેતુઓ માટે,-

(ક) “કંપની” એટલે કોઇ સંસ્થાપિત મંડળ અને તેમાં, પેઢી અથવા વ્યક્તિઓના બીજા અસોસિએશનનો સમાવેશ થાય છે; અને

(ખ) પેઢીના સંબંધમાં “ડિરેક્ટર” એટલે પેઢીનો ભાગીદાર.

**૭.** (૧) રાજ્ય સરકાર, ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી, રાજપત્રમાં જાહેરનામાથી, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વિસ્તાર અથવા વિસ્તારો માટે અથવા તેવા કેસ અથવા કેસોના વર્ગ કે જૂથ માટે, એક અથવા વધુ વિશેષ કોર્ટની રચના કરી શકશે.

**વિશેષ કોર્ટની રચના.**

(૨) કોઇ વિશેષ કોર્ટની હકૂમતના સંબંધમાં કોઇ પ્રશ્ન ઊભો થાય, ત્યારે તે (બાબત), રાજ્ય સરકારને પુછાણ અર્થે મોકલી આપવી જોઇશે અને આ બાબતમાં તેમનો નિર્ણય આખરી ગણાશે.

(૩) વિશેષ કોર્ટનું અધ્યક્ષસ્થાન, ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી, રાજ્ય સરકારે નીમેલા જજ લેશે.

(૪) રાજ્ય સરકાર, ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી, વિશેષ કોર્ટની હકૂમતનો ઉપયોગ કરવા માટે, અધિક જજોની નિમણૂક પણ કરી શકશે.

(૫) કોઇપણ વ્યક્તિ વિશેષ કોર્ટના જજ અથવા અધિક જજ તરીકે નિમણૂક માટે લાયક ગણાશે નહિ, સિવાય કે તે, આવી નિમણૂકની તરત પહેલાં, સેશન્સ જજ અથવા જિલ્લા જજ હોય અથવા રહી ચૂકેલા હોય.

(૬) સરકાર, વખતોવખત, રાજપત્રમાં જાહેરનામાથી, પેટા-કલમ (૧) હેઠળ રચવામાં આવેલી વિશેષ કોર્ટની પુનર્રચના કરી શકશે અને કોઇપણ સમયે, તેવા જ (સમાન) જાહેરનામાથી, આવી વિશેષ કોર્ટ નાબૂદ કરી શકશે.

(૭) વિશેષ કોર્ટના જજ, પોતાનો હોદ્દો ધારણ કરે તે તારીખથી ત્રણ વર્ષની મુદત સુધી અથવા પેટા-કલમ (૬) હેઠળ વિશેષ કોર્ટની પુનર્રચના કરવામાં આવે અથવા તે નાબૂદ કરવામાં આવે, તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી, હોદ્દો ધરાવશે.

પબ્લિક પ્રોસિક્યુટર.

૮. રાજ્ય સરકારે, દરેક વિશેષ કોર્ટ માટે, પબ્લિક પોસિક્યુટર તરીકે કોઇ વ્યક્તિની નિમણૂક કરવી જોઇશે.

વિશેષ કોર્ટની કાર્યરીતિ અને સત્તા.

૯. (૧) વિશેષ કોર્ટ, આપમેળે અથવા કોઇ વ્યક્તિ અથવા જિલ્લા કલેકટરે અધિકૃત કરેલા કોઇ અધિકારી દ્વારા કરાયેલી અરજી પરથી, આ અધિનિયમના આરંભ પહેલાના અથવા તે પછીના જમીન પચાવી પાડવાના કોઇ કહેવાતા કૃત્યને કારણે અથવા પચાવી પાડેલી જમીનની માલિકી અને માલિકી હક અથવા પચાવી પાડેલી જમીનનો કાયદેસર કબજો હોવાના સંબંધમાંથી ઉદ્દભવતા દરેક કેસની ન્યાયિક નોંધ લઇ શકશે અને તે અંગેની અદાલતી કાર્યવાહી કરી શકશે અને પોતાને યોગ્ય જણાય તેવા (વચગાળાના આદેશો આપતા હુકમો સહિત) હુકમો કરી શકશે.

(૨) દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળના જમીન પચાવી પાડવાના કહેવાતા કૃત્ય અથવા પચાવી પાડેલી કોઇ જમીનના માલિકી હક અને માલિકી અથવા તેનો કાયદેસરનો કબજો નક્કી કરવાના પ્રશ્ન સંબંધી કોઇ કેસ, આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, વિશેષ કોર્ટમાં અદાલતી કાર્યવાહીને પાત્ર થશે અને વિશેષ કોર્ટનો નિર્ણય આખરી રહેશે. સન ૧૯૦૮નો ૫-મો.

(3) દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, વિશેષ કોર્ટ, દીવાની જવાબદારી નક્કી કરતી વખતે, કુદરતી ન્યાયના સિદ્ધાંતો અને નિષ્પક્ષ વ્યવહાર સાથે અસંગત ન હોય તેવી અને આ અધિનિયમ અને તે હેઠળ કરેલા કોઇ નિયમોની અન્ય જોગવાઇઓને અધીન રહીને, તેની પોતાની કાર્યરીતિ અનુસરી શકશે. સન ૧૯૦૮નો ૫-મો.

(૪) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર હોય તેવા તમામ ગુનાની અદાલતી કાર્યવાહી કરવાનું વિશેષ કોર્ટ માટે કાયદેસર રહેશે. સન ૧૯૭૪નો ૨-જો.

(૫) વિશેષ કોર્ટ, જમીન પચાવી પાડનાર સામે દીવાની અને ફોજદારી કાર્યવાહી શરૂ કરવાની હોય તેવા હુકમ અંગે નિર્ણય કરશે. બંને- દીવાની અને ફોજદારી કાર્યવાહીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી, પોતાનો નિર્ણય અથવા હુકમ આપવો કે નહિ તે વિશેષ કોર્ટની મુનસફી(વિવેકબુદ્ધિ) અનુસાર રહેશે. ફોજદારી કાર્યવાહી દરમિયાન દાખલ કરવામાં આવેલા

પુરાવાનો ઉપયોગ, દીવાની જવાબદારી અંગેની અદાલતી કાર્યવાહી કરતી વખતે કરી શકાશે, પરંતુ દીવાની કાર્યવાહીઓમાં રજૂ કરેલો, વધારાનો પુરાવો, કોઇ હોય, તો ફોજદારી જવાબદારી નક્કી કરતી વખતે, વિશેષ કોર્ટ દ્વારા વિચારણામાં લેવો જોઇશે નહિ. વિશેષ કોર્ટ સમક્ષ જમીન પચાવી પાડવાનો અથવા તે ગુનામાં મદદ કરવાનો આરોપ જેના પર મૂકવામાં આવ્યો હોય તેવી કોઇ વ્યક્તિ, બચાવ(પક્ષ) માટે સક્ષમ સાક્ષી રહેશે અને તેની સામે અથવા ફોજદારી કાર્યવાહીમાં જેની પર તહોમત મૂકવામાં આવ્યું હોય તેવી તેની સાથેની કોઇ વ્યક્તિ સામે કરેલા તહોમતનું ખંડન કરવા માટે, સોગંદપૂર્વક પુરાવો રજૂ કરી શકશે:

પરંતુ તેને, તેની પોતાની લેખિતમાં વિનંતી સિવાય, સાક્ષી તરીકે બોલાવવો જોઇશે નહિ અથવા પુરાવો રજૂ કરવાની તેની નિષ્ફળતાને કોઇ પક્ષકારો અથવા વિશેષ કોર્ટ દ્વારા ટિપ્પણીનો વિષય બનાવવામાં આવે અથવા તે જ કાર્યવાહીમાં તેની અથવા તેની સાથે તહોમત મૂકવામાં આવ્યું હોય તેવી કોઇ વ્યક્તિ સામે અનુમાન કરવામાં આવે તે સિવાય, સાક્ષી તરીકે બોલાવવો જોઇશે નહિ.

(૬) પેટા-કલમ (૧) હેઠળના દરેક કેસનો આખરી નિકાલ, વિશેષ કોર્ટ દ્વારા તેની સમક્ષ કેસ શરૂ કર્યાની તારીખથી, શક્ય હોય ત્યાં સુધી, છ મહિનાની મુદતની અંદર કરવો જોઇશે.

(૭) જમીન પચાવી પાડવાના કોઇ કહેવાતા કૃત્યના સંબંધમાં વિશેષ કોર્ટનું દરેક તારણ, જમીન પચાવી પાડવાની હકીકત અને આવી જમીન પચાવી પાડી હોય તેવી વ્યક્તિઓ અંગેનો નિર્ણાયક પુરાવો રહેશે તથા પચાવી પાડેલી જમીનના માલિકી હક અને માલિકી અથવા કાયદેસરનો કબજો નક્કી કરવાના સંબંધમાં, વિશેષ કોર્ટનો દરેક ચુકાદો, આવી જમીનમાં હિતસંબંધ ધરાવતી તમામ વ્યક્તિઓ પર બંધનકર્તા રહેશે.

(૮) જમીન પચાવી પાડવાનો ગુનો સાબિત થાય, ત્યારે વિશેષ કોર્ટ, પોતાને યોગ્ય લાગે તે રીતે, જરૂરી હોય, તો મિલકત જે વ્યક્તિના કબજામાં હોય તેની પાસેથી બળપૂર્વક ખાલી કરાવ્યા પછી, તે(અસલ માલિક) વ્યક્તિને જમીન પાછી સોંપવાનો હુકમ કરી શકશે.

(૯) વિશેષ કોર્ટ માટે, ન્યાયનું કારણ રજૂ કરવા માટે, તેને યોગ્ય જણાય તેવો હુકમ કરવો કાયેદસર ગણાશે. તે (વિશેષ કોર્ટ) પચાવી પાડેલી જમીનના ગેરકાયદેસર કબજા

માટે, નાણાના સંબંધમાં વળતર આપી શકશે, કે જે હુકમની તારીખે પચાવી પાડેલી જમીનની જંત્રીની કિંમતને અને જમીન પચાવનાર દ્વારા પચાવી પાડેલી જમીનના માલિકને ચૂકવવાપાત્ર જમીનમાંથી ઉપાર્જિત થયેલા નફાને સમકક્ષ રકમ કરતાં ઓછું હોવું જોઈશે નહિ અને તેના કાયેદસરના માલિકને પચાવી પાડેલી જમીનની પુન: સોંપણી કરવાનો આદેશ કરી શકશે. આ રીતે આપેલા વળતર અને નફાની રકમ અને પુન:સોંપણીની કિંમત, કોઇ હોય, તો તે, સરકાર માલિક હોય તેવા કિસ્સામાં, જમીન મહેસૂલની બાકી તરીકે અથવા બીજા કોઇ કેસમાં વિશેષ કોર્ટ દ્વારા અમલ કરવાના દીવાની કોર્ટના હુકમનામા તરીકે વસૂલ કરવી જોઇશે:

પરંતુ વિશેષ કોર્ટે, આ પેટા-કલમ હેઠળ હુકમ કરતાં પહેલાં, જમીન પચાવી પાડનારને, આ સંબંધમાં તેની રજૂઆત કરવાની અથવા પુરાવો, કોઇ હોય, તો તે રજૂ કરવાની તક આપવી જોઈશે અને આવી રજૂઆત અને પુરાવા પર વિચારણા કરવી જોઈશે.

**વિશેષ કોર્ટ પાસે દીવાની કોર્ટ અને સેસન્સ કોર્ટની સત્તા રહેશે.**

**૧૦.** આ અધિનિયમમાં સ્પષ્ટ રીતે જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય, આ અધિનિયમની જોગવાઇઓ સાથે તે અસંગત ન હોય ત્યાં સુધી, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઇઓ, વિશેષ કોર્ટ સમક્ષની કાર્યવાહીઓને લાગુ પડશે અને સદરહુ અધિનિયમનોની જોગવાઇઓના હેતુઓ માટે, વિશેષ કોર્ટે, દીવાની કોર્ટ અથવા યથાપ્રસંગ, સેસન્સ કોર્ટ હોવાનું ગણાશે અને તે દીવાની કોર્ટ અને સેશન્સ કોર્ટની તમામ સત્તા ધરાવશે અને વિશેષ કોર્ટ સમક્ષ ફોજદારી કાર્યવાહી કરતી વ્યક્તિ, આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર હોવાનું ગણાશે.

**સન ૧૯૦૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.**

**સાબિતીનો બોજો.**

**૧૧.** (૧) આ અધિનિયમ હેઠળની કોઈ કાર્યવાહીઓમાં, જમીન પચાવી પાડી હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હોય અને આવી જમીન, પ્રથમ દ્રષ્ટિએ, સરકાર અથવા ખાનગી વ્યક્તિની માલિકીની હોવાનું પુરવાર થાય, ત્યારે વિશેષ કોર્ટ માની લેશે કે જેના પર જમીન પચાવી પાડી હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેવી વ્યક્તિ, જમીન પચાવી પાડનાર છે અને તેણે જમીન પચાવી પાડી નથી તેમ સાબિત કરવાની જવાબદારી આવી વ્યક્તિ પર રહેશે.

(૨) એવું પુરવાર થાય કે જમીન પચાવી પાડનાર અથવા તેના વતી કોઇ વ્યકિત, કોઈપણ સમયે, જેનું સંતોષપૂર્વક કારણ ન દર્શાવી શકે તેવી જંગમ અથવા સ્થાવર મિલકતનો કબજો ધરાવે છે અથવા કબજો ધરાવ્યો હતો અથવા તેની આવકના જાણીતા સ્ત્રોતોથી તેના નાણાકીય સંસાધનો અપ્રમાણસર હોય, ત્યારે કોર્ટ, વિરુદ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી, એવું માનશે કે આવી મિલકત અથવા નાણાકીય સંસાધનો, જમીન પચાવી પાડનાર તરીકેની તેની પ્રવૃત્તિઓથી પ્રાપ્ત કરવામાં અથવા મેળવવામાં આવ્યા છે.

**પોલીસ અધિકારી દ્વારા માહિતી નોંધવા અને તપાસ હાથ ધરવા બાબત.**

**૧૨.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં,-

(ક) આ અધિનિયમ હેઠળ ગુનો થયા વિષેની કોઈપણ માહિતી, સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી સમિતિ સાથે વિચારવિનિમય કરીને, જિલ્લા કલેકટરની પૂર્વ-મંજૂરી વગર પોલીસ અધિકારી દ્વારા નોંધવી જોઇશે નહિ;

(ખ) આ અધિનિયમની જોગવાઇ હેઠળ ગુનાની કોઈપણ તપાસ, નાયબ પોલીસ અધીક્ષકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારી અથવા રાજય સરકાર દ્વારા પોલીસ કમિશનરની નિમણૂક કરવામાં આવી હોય તેવા વિસ્તારો માટે, મદદનીશ પોલીસ કમિશનરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારી દ્વારા કરવી જોઇશે નહિ.

**અધિનિયમ હેઠળ કામ કરતી વ્યક્તિઓ રાજ્ય સેવકો ગણાશે.**

**સન ૧૮૬૦નો ૪૫-મો.**

**૧૩.** આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ કામ કરતી દરેક વ્યક્તિ, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક હોવાનું ગણાશે.

**શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.**

**૧૪.** આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇપણ કૃત્ય માટે, વિશેષ કોર્ટના કોઈ અધિકારી અથવા કર્મચારી અથવા સરકારના કોઈ અધિકારી સામે કોઇપણ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

**અધિનિયમની બીજા કાયદાઓ પર ઉપરવટ અસર હોવા બાબત.**

**૧૫.** તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાં અથવા રૂઢિ, રિવાજ અથવા કરાર અથવા કોર્ટના અથવા બીજા કોઈ ટ્રિબ્યુનલ અથવા સત્તામંડળના હુકમનામા અથવા હુકમમાં ગમે તે અસંગત હોય તેમ છતાં, આ અધિનિયમની જોગવાઇઓ અમલમાં રહેશે.

નિયમો કરવાની સત્તા.

**૧૬.** (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવે તેમાં અથવા તેની તરત પછીના સત્ર દરમિયાન, વિધાનમંડળ તેમાં જે કાંઇ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

પચાવી પાડેલી જમીન બીજાને આપવા પર પ્રતિંબધ હોવા બાબત.

**૧૭.** આ અધિનિયમના આરંભ પહેલાં અથવા ત્યાર પછી, વેચાણ કરીને, પટે આપીને, ભેટ આપીને, વિનિમય કરીને, પતાવટ કરીને, સોંપણી કરીને, ઉપભોગ હક ગીરો (સ્વરૂપે) અથવા અન્યથા, પચાવી પાડવામાં આવેલી જમીન અથવા તેના કોઈ ભાગની માલિકી બીજાને આપવા સંબંધિત કરવામાં આવેલી કોઈ લેવડ-દેવડ અથવા આવી જમીનના સંબંધમાં કરવામાં આવેલું કોઈ વિભાજન અથવા ઊભું કરવામાં આવેલું કોઈ ટ્રસ્ટ, વિશેષ કોર્ટે કરેલા હુકમના પ્રમાણમાં હોય તે સિવાય, રદબાતલ ગણાશે.

મુશ્કેલીઓ દૂર કરવાની રાજય સરકારની સત્તા.

**૧૮.** (૧) આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી અથવા ઈષ્ટ લાગે તેવી, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષ પૂરા થયા પછી, પેટા-કલમ (૧) હેઠળ કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઈશે.

રદ કરવા બાબત અને અપવાદ.

**૧૯.** (૧) ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) વટહુકમ, ૨૦૨૦, આથી, રદ કરવામાં આવે છે.

સન ૨૦૨૦નો ગુજરાતનો વટહુકમ ૧૦મો.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમ હેઠળ કરેલું કોઇપણ કાર્ય અથવા લીધેલું કોઇપણ પગલું, સદરહુ અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

## ઉદ્દેશો અને કારણો

સરકારના ધ્યાન પર આવ્યું છે કે વ્યક્તિગત રીતે અથવા જૂથોમાં કાર્યરત રહેતી અમુક ગેરકાયદેસર પ્રવૃતિ કરતી વ્યક્તિઓ દ્વારા સરકાર, સ્થાનિક સત્તામંડળ, ધાર્મિક અથવા સખાવતી સંસ્થા અથવા દેણગી તેમજ ખાનગી વ્યક્તિઓની જમીનો બળજબરીથી અથવા છેતરપિંડી દ્વારા અથવા અન્યથા પચાવી પાડવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે. જમીન પચાવી પાડનારાઓ, સ્થાવર મિલકતના અનૈતિક વેપારીઓ મારફત અથવા અન્યથા જમીનના બનાવટી દાવા ઊભા કરી રહ્યા છે અને મોટા પાયા પર અને કપટપૂર્ણ વેચાણોમાં સંડોવાયેલા છે. રાજ્યમાં જમીન પચાવી પાડનારાઓની આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓથી, જાહેર વ્યવસ્થા ઉપર વિપરિત અસર પડી છે.

તેથી, ગુજરાત રાજ્ય સરકારે, જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિઓને પ્રતિબંધિત કરવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઇ કરવાના ઉદ્દેશથી, ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦ અમલમાં લાવવા ધાર્યું છે. જમીન પચાવી પાડવા(ની પ્રવૃત્તિ)ને ગેરકાયદેસર જાહેર કરવા ઉપરાંત, રાજ્ય સરકારે, જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ મૂકવા ધાર્યું છે. તેથી, આ અધિનિયમને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે જમીન પચાવી પાડવાને સંબંધિત ગુના બદલ દંડ માટે અને જમીન પચાવી પાડવાના કહેવાતા કૃત્યમાં ઝડપી તપાસની જોગવાઇ કરવા અને વિશેષ કોર્ટની રચના કરીને પચાવી પાડેલી જમીનની માલિકી અને તે અંગેના માલિકીહક અથવા તેના કાયદેસર કબજા સંબંધિત કેસોમાં અદાલતી કાર્યવાહી કરવાના હેતુથી જોગવાઇ કરવા ધાર્યું છે. એવું જણાયું છે કે રાજ્ય સરકાર, સૂચિત કાયદાનો અમલ કરાવીને ગેરકાયદેસર રીતે જમીન પચાવી પાડવા(ની પ્રવૃત્તિ)ને નિયંત્રિત કરી શકશે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) વટહુકમ, ૨૦૨૦ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ વિધેયકથી, સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની અગત્યની જોગવાઇઓ સંક્ષિપ્તમાં સમજાવેલી છે:-

**કલમ ૧.-** આ કલમથી, અધિનિયમની ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૨.-** આ કલમથી, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

**કલમો ૩ અને ૪.-** આ કલમોથી એવી જોગવાઇ કરી છે કે કોઇપણ સ્વરૂપમાં જમીન પચાવી પાડવી એ પ્રતિબંધિત રહેશે અને ગેરકાયદેસર જાહેર થશે અને જમીન પચાવી પાડવા સાથે સંકળાયેલી અથવા તેના કારણે થતી કોઇપણ પ્રવૃતિ, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનો રહેશે; તેમાં, સરકારની, સ્થાનિક સત્તામંડળની, ધાર્મિક અથવા સખાવતી સંસ્થાની અથવા દેણગીની અથવા અન્ય ખાનગી વ્યક્તિની પચાવી પાડેલી જમીનના કાયદેસર ભાડૂત તરીકે હોય તે સિવાય, તેનો ભોગવટો ચાલુ રાખવા બદલ શિક્ષા માટેની પણ જોગવાઇ કરી છે.

**કલમ ૫.-** આ કલમથી, જમીન પચાવી પડવાના સંબંધમાં કરવામાં આવેલા તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ગુના બદલ દંડની જોગવાઇ કરી છે.

**કલમ ૬.-** આ કલમથી, કંપનીઓએ કરેલા ગુના માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૭.-** આ કલમથી, ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી, વિશેષ કોર્ટની રચના માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૮.-** આ કલમથી, વિશેષ કોર્ટ માટે પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૯.-** આ કલમથી, વિશેષ કોર્ટ-એ અનુસરવાની કાર્યરીતિ અને વાપરવાની સત્તા માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૦.-** આ કલમથી એવી જોગવાઇ કરી છે કે વિશેષ કોર્ટ એ, દીવાની કોર્ટ અથવા સેશન્સ કોર્ટ હોવાનું ગણાશે અને તે દીવાની કોર્ટ અને સેશન્સ કોર્ટની તમામ સત્તા ધરાવશે અને વિશેષ કોર્ટ સમક્ષ ફોજદારી કાર્યવાહી કરતી વ્યક્તિ, આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર હોવાનું ગણાશે.

**કલમ ૧૧.-** આ કલમથી, જેના ઉપર જમીન પચાવી પાડી હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેવી વ્યક્તિ પર સાબિતીનો બોજો રહેશે તે અંગેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૨.-** આ કલમથી, પોલીસ અધિકારી દ્વારા માહિતી નોંધવાની અને તપાસ કરવા બાબતની જોગવાઇ કરી છે.

**કલમ ૧૩.-** આ કલમથી એવી જોગવાઇ કરી છે કે આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ કામ કરતી દરેક વ્યક્તિ, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક હોવાનું ગણાશે.

**કલમ ૧૪.-** આ કલમથી, શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંના રક્ષણ માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૫.-** આ કલમથી એવી જોગવાઇ કરી છે કે તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા અથવા રૂઢિ, રિવાજ અથવા કરાર અથવા કોર્ટના અથવા કોઇ બીજા ટ્રિબ્યુનલ અથવા સત્તામંડળના હુકમનામા અથવા હુકમમાં તેની સાથે ગમે તે અસંગત હોય તેમ છતાં, આ અધિનિયમની જોગવાઇઓ અમલમાં રહેશે.

**કલમ ૧૬.-** આ કલમથી, આ અધિનિયમ હેઠળ નિયમો કરવાની રાજય સરકારની સત્તા માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૭.-** આ કલમથી, પચાવી પાડેલી જમીન બીજાને આપવા અંગેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૮.-** આ કલમથી, રાજય સરકારને, આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં બે વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

**કૌશિક પટેલ,**

## નાણાકીય યાદી

વિધેયકની કલમ ૭-થી, રાજય સરકારને, ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી, તેવા વિસ્તાર અથવા વિસ્તારો અથવા તેવા કેસ અથવા કેસોના વર્ગ કે જૂથ માટે, એક અથવા વધુ વિશેષ કોર્ટની રચના કરવાની સત્તા આપવા ધાર્યું છે તેમજ બિલની કલમ ૮થી પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક માટેની જોગવાઇ કરે છે. આથી, વિધેયક જો અધિનિયમિત કરવામાં અને અમલમાં લાવવામાં આવે, તો રાજ્યના એકત્રિત ફંડમાંથી ખર્ચ થશે. તેમ છતાં, હાલમાં, આવા હેતુ માટે ઉપલભ્ય રાખવાની ગ્રાન્ટની ચોક્કસ રકમ સુનિશ્ચિત કરવી શક્ય નથી.

**કૌશિક પટેલ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઇ કરી છે:-

**કલમ ૭.-** (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વિસ્તાર અથવા વિસ્તારો અથવા તેવા કેસ અથવા કેસોના વર્ગ કે જૂથ માટે, એક અથવા વધુ વિશેષ કોર્ટની રચના કરવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૬)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, પેટા-કલમ (૧) હેઠળ રચવામાં આવેલી વિશેષ કોર્ટની પુનર્રચના કરવા માટેની અને કોઇપણ સમયે આવી વિશેષ કોર્ટ નાબૂદ કરવાની સત્તા મળે છે.

**કલમ ૧૬.-** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ ૧૮.-** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં બે વર્ષની મુદતની અંદર કોઈ મુશ્કેલી ઊભી થાય, તો, તે દૂર કરવા માટે રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૦. **કૌશિક પટેલ.**

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૯.]

ગુજરાત રાજ્યમાં જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિઓ અને તેની સાથે સંકળાયેલી બાબતો પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક.

[શ્રી કૌશિક પટેલ,
મહેસૂલ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૦ના સપ્ટેમ્બર મહિનાની ૧૬મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**GUJARAT BILL NO. 19 OF 2020.**

# THE GUJARAT LAND GRABBING (PROHIBITION) BILL, 2020


| Clauses | Content | Page No. |
|---|---|---|
| 1. | Short title, extent and commencement. | 01 |
| 2. | Definitions. | 02 |
| 3. | Land grabbing to be unlawful. | 03 |
| 4. | Prohibition on land grabbing. | 03 |
| 5. | Penalty for other offences in connection with land grabbing. | 03 |
| 6. | Offences by companies. | 04 |
| 7. | Constitution of Special Courts. | 04 |
| 8. | Public Prosecutor. | 05 |
| 9. | Procedure and powers of Special Courts. | 05 |
| 10. | Special Court to have powers of Civil Court and the Court of Sessions. | 07 |
| 11. | Burden of proof. | 08 |
| 12. | Information to be recorded and investigation to be carried out by the police officer. | 08 |
| 13. | Persons acting under the Act to be public servants. | 08 |
| 14. | Protection of action taken in good faith. | 08 |
| 15. | Act to override other laws. | 09 |
| 16. | Power to make rules. | 09 |
| 17. | Prohibition of alienation of lands grabbed. | 09 |
| 18. | Power of State Government to remove difficulties. | 09 |
| 19. | Repeal and saving. | 09 |

**THE GUJARAT LAND GRABBING (PROHIBITION) BILL, 2020.**

**GUJARAT BILL NO. 19 OF 2020.**

***A BILL***

*to prohibit land grabbing activities and connected matters in the State of Gujarat.*

It is hereby enacted in the Seventy-first Year of the Republic of India as follow:-

**Short title, extent and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Land Grabbing (Prohibition) Act, 2020.

(2) It extends to the whole of the State of Gujarat.

(3) It shall be deemed to have come into force on the 29th August, 2020.

**Definitions.** **2.** In this Act, unless the context otherwise requires,-

(a) “Committee” means a committee notified from time to time by the State Government under the chairmanship of District Collector for the purposes of this Act;

(b) “Government’’ means the Government of Gujarat;

(c) "land" includes rights in or over land, benefits to arise out of land and buildings, structures and other things attached to the earth or permanently fastened to anything attached to the earth;

(d) "land grabber" means a person who commits land grabbing and includes any person who gives financial aid to any person for taking illegal possession of lands or for construction of unauthorized structures thereon, or who collects or attempts to collect from any occupiers of such lands rent, compensation and other charges by criminal intimidation, or who abets the doing of any of the above mentioned acts, and also includes the successors-in-interest;

(e) "land grabbing" means every activity of land grabber to occupy or attempt to occupy with or without the use of force, threat, intimidation and deceit, any land (whether belonging to the Government, a Public Sector Undertaking, a local authority, a religious or charitable institution or any other private person) over which he or they have no ownership, title or physical possession, without any lawful entitlement and with a view to illegally taking possession of such land or creating illegal tenancies or lease or licence, agreements or transfer or sale or by constructing unauthorized structures thereon for sale or hire or use or occupation of such unauthorized structures and the term “grabbed land” shall be construed accordingly;

(f) "person" includes a group or body of persons, an association or a company, or a religious or charitable institution or endowment, whether incorporated or not;

(g) "prescribed" means prescribed by rules made under this Act;

(h) 'Special Court' means a Special Court constituted under section 7;

(i) "unauthorized structures" means any structure constructed, without express permission in writing of the competent authority, or except in accordance with any law for the time being in force in the area.

**Land grabbing to be unlawful.**

**3.** The land grabbing in any form shall be prohibited and declared unlawful and any activity connected with or arising out of land grabbing shall be an offence punishable under this Act.

**Prohibition on land grabbing.**

**4.** (1) No person shall commit or cause to be committed land grabbing, by himself or through any other person.

(2) Any person who, on or after the commencement of this Act, continues to be in occupation, otherwise than as a lawful tenant, of a grabbed land belonging to the Government, local authority, religious or charitable institution or endowment or other private person, shall be guilty of an offence under this Act.

(3) Whoever contravenes the provisions of sub-section (1) or sub-section (2) shall on conviction, be punished with imprisonment for a term which shall not be less than ten years but which may extend to fourteen years and with fine which may extend to *Jantri* value of such properties.

**Penalty for other offences in connection with land grabbing.**

**5.** Whoever, with a view to grabbing land in contravention of the provisions of this Act or in connection with any such land grabbing,-

(a) sells or allots, or offers or advertises for sale or allotment, or has in his possession for the purpose of sale or allotment any land grabbed;

(b) instigates or incites any person to commit land grabbing;

(c) uses any land grabbed or causes or permits knowingly to be used for purposes, connected with sale or allotment; or

(d) enters into an agreement for construction of any structure or buildings on such land;

(e) causes or procures or attempts to procure any person to do any of above mentioned acts;

shall, on conviction, be punished with imprisonment for a term which shall not be less than ten years but which may extend to fourteen years and with fine which may extend to *Jantri* value of such properties.

**Offences by companies.**

**6.** (1) If the person contravening the provisions of this Act is a company, every person who, at the time the contravention was committed, was in charge of, and was responsible to, the company for the conduct of the business of the company as well as the company, shall be deemed to be guilty of the contravention and shall be liable to be proceeded against and punished accordingly:

Provided that nothing contained in this sub-section shall render any such person liable to any punishment if he proves that the contravention took place without his knowledge or that he exercised all due diligence to prevent such contravention.

(2) Notwithstanding anything in sub-section (1), where any offence under this Act has been committed by a company and it is proved that the offence has been committed with the consent or connivance of, or that the commission of the offence is attributable to any neglect on the part of any director, manager, secretary or other officer of the company, such director, manager, secretary or other officer shall also be deemed to be guilty of that offence and shall be liable to be proceeded against and punished accordingly.

***Explanation:***— For the purposes of this section:-

(a) "Company" means anybody corporate and includes firm or other association of individuals; and

(b) "Director" in relation to a firm, means a partner in the firm.

**Constitution of Special Courts.**

**7.** (1) The State Government may, with the concurrence of the Chief Justice of the High Court of Gujarat, by notification in the *Official Gazette*

constitute one or more Special Courts for such area or areas, or for such cases or class or group of cases, as may be specified in the notification.

(2) Where any question arises as to the jurisdiction of any Special Court, it shall be referred to the State Government, whose decision in the matter shall be final.

(3) A Special Court shall be presided over by a judge to be appointed by the State Government with the concurrence of the Chief Justice of the High Court of the Gujarat.

(4) The State Government may also appoint, with the concurrence of the Chief Justice of the High Court of Gujarat, Additional Judges to exercise jurisdiction of the Special Court.

(5) A person shall not be qualified for appointment as a Judge or an Additional Judge of a Special Court unless he immediately before such appointment, is or has been a Sessions Judge or a District Judge.

(6) The Government from time to time may, by notification in the *Official Gazette*, reconstitute the Special Courts constituted under sub-section (1) and may, at any time abolish such Special Courts by a like notification.

(7) A Judge of the Special Court shall hold office for a term of three years from the date on which he enters upon his office, or until the Special Court is reconstituted or abolished under sub-section (6), whichever is earlier.

**Public Prosecutor.**

**8.** The State Government shall appoint, for every Special Court, a person to be the Public Prosecutor.

**Procedure and powers of Special Courts.**

**9.** (1) The Special Court may, either *suo moto* or on application made by any person, or any officer authorized by District Collector, take cognizance of and try every case arising out of any alleged act of land grabbing or with respect to the ownership and title to, or lawful possession of, the land grabbed, whether before or after the commencement of this Act, and pass such orders (including orders by way of interim directions) as it deems fit.

(2) Notwithstanding anything in the Code of Civil Procedure, 1908, any case in respect of an alleged act of land grabbing or the determination of question of title and ownership to, or lawful possession of any land grabbed under this Act, shall, subject to the provisions of this Act, be triable in the Special Court and the decision of Special Court shall be final. **V of 1908.**

(3) Notwithstanding anything in the Code of Civil Procedure 1908, the Special Court may follow its own procedure which shall not be inconsistent with the principles of natural justice and fair play and subject to the other provisions of this Act and of any rules made thereunder while deciding the Civil liability, **V of 1908.**

(4) Notwithstanding anything in the Code of Criminal Procedure, 1973, it shall be lawful for the Special Court to try all offences punishable under this Act. **2 of 1974.**

(5) The Special Court shall determine the order in which the civil and criminal liability against a land grabber be initiated. It shall be within the discretion of the Special Court whether or not to deliver its decision or order until both civil and criminal proceedings are completed. The evidence admitted during the criminal proceeding may be made use of while trying the civil liability. But additional evidence, if any, adduced in the civil proceedings shall not be considered by the Special Court while determining the criminal liability. Any person accused of land grabbing or the abetment thereof before the Special Court shall be a competent witness for the defence and may give evidence onoath in disproof of the charge made against him or any person charged together with him in the criminal proceeding:

Provided that he shall not be called as a witness except on his own request in writing or his failure to give evidence shall be made the subject of any comment by any of the parties or the special court or give rise to any presumption against himself or any person charged together with him at the same proceeding.

(6) Every case under sub-section (1) shall be disposed off finally by the

Special Court, as far as possible, within a period of six months from the date of institution of the case before it.

(7) Every finding of the Special Court with regard to any alleged act of land grabbing shall be conclusive proof of the fact of land grabbing and of the persons who committed such land grabbing, and every judgment of the Special Court with regard to the determination of title and ownership to, or lawful possession of, any land grabbed shall be binding on all persons having interest in such land.

(8) When an offence of land grabbing is proved, the Special Court may if it thinks fit, order that possession of the same be restored to that person after evicting by force, if necessary, any other person who may be in possession of the property.

(9) It shall be lawful for the Special Court to pass such order as it may deem fit to advance the cause of justice. It may award compensation in terms of money for wrongful possession of the land grabbed which shall not be less than an amount equivalent to the *Jantri* value of the land grabbed as on the date of the order and profits accrued from the land payable by the land grabber to the owner of the grabbed land and may direct re-delivery of the grabbed land to its rightful owner. The amount of compensation and profits, so awarded and costs of re-delivery, if any, shall be recovered as an arrear of land revenue in case the Government is the owner, or as a decree of a civil court, in any other case to be executed by the Special Court:

Provided that the Special Court shall, before passing an order under this sub-section, give to the land grabber an opportunity of making his representation or of adducing evidence, if any, in this regard, and consider such representation and evidence.

**Special Court to have powers of Civil Court and the Court of Sessions.**

**10.** Save as expressly provided in this Act, the provisions of the Code of Civil Procedure, 1908 and the Code of Criminal Procedure, 1973, in so far as they are not inconsistent with the provisions of this Act, shall apply to the proceedings before the Special Court and for the purposes of the

**V of 1908.**

**2 of 1974.**

provisions of the said enactments, Special Court shall be deemed to be a Civil Court, or as the case may be, a Court of Sessions and shall have all the powers of a Civil Court and a Court of Sessions and person conducting a prosecution before the Special Court shall be deemed to be an Assistant Public Prosecutor.

**Burden of proof.**

**11.** (1) Where in any proceedings under this Act, a land is alleged to have been grabbed, and such land is *primafacie* proved to be the land owned by the Government or by a private person, the Special Court shall presume that the person who is alleged to have grabbed the land is a land-grabber and the burden of proving that the land has not been grabbed by him shall be on such person.

(2) Where it is proved that a land grabber or any person on his behalf is or has at any time been, in possession of movable or immovable property which he cannot satisfactorily account for, or where his pecuniary resources are disproportionate to his known sources of income, the Court shall, unless contrary is proved, presume that such property or pecuniary resources have been acquired or derived by his activities as a land grabber.

**Information to be recorded and investigation to be carried out by the police officer.**

**12.** Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973,-

(a) no information about the commission of an offence under this Act, shall be recorded by a police officer without the prior approval of the District Collector in consultation with the Committee notified by the Government;

(b) no investigation of an offence under the provision of this Act shall be carried out by a police officer below the rank of the Deputy Superintendent of Police, or for the areas where the Commissioner of Police is appointed by the State Government, by a police officer not below the rank of the Assistant Commissioner of Police.

**Persons acting under the Act to be public servants.**

**13.** Every person acting under the provisions of this Act shall be deemed to be a public servant within the meaning of section 21 of the Indian Penal Code. **45 of 1860.**

**Protection of action taken in good faith.**

**14.** No suit, prosecution or other legal proceeding shall lie against any officer or employee of the special Court or any officer of the Government for anything which is in good faith done or intended to be done under this Act or the rules made thereunder.

**Act to override other laws.**

**15.** The provisions of this Act shall have effect notwithstanding anything inconsistent therewith contained in any other law for the time being in force or custom, usage or agreement or decree or order of a court or any other tribunal or authority.

**Power to make rules.**

**16.** (1) The State Government may, by notification in the *Official Gazette,* make rules to carry out the purposes of this Act.

(2) All rules made under this section shall be laid for not less than thirty days before the State Legislature as soon as possible after they are made, and shall be subject to such modifications as the legislature may make during the session in which they are so laid or the session immediately following.

**Prohibition of alienation of lands grabbed.**

**17.** Any transaction relating to an alienation of a land grabbed or any part thereof by way of sale, lease, gift, exchange, settlement, surrender, usufructuary mortgage or otherwise, or any partition effected or a trust created in respect of such land, which has taken place whether before or after the commencement of this Act shall, except to the extent ordered by the Special Court be null and void.

**Power of State Government to remove difficulties.**

**18.** (1) If any difficulty arises in giving effect to the provisions of this Act, the State Government may, by order published in the *Official Gazette*, make such provisions not inconsistent with the provisions of this Act, as appears to be necessary or expedient for removing the difficulty:

Provided that no order under sub-section (1) shall be made after the expiry of two years from the date of commencement of this Act.

(2) Every order made under this section shall be laid, as soon as may be after it is made, before the State Legislature.

**Guj. Ord. 10 of 2020.**

**Repeal and saving.**

**19.** (1) The Gujarat Land Grabbing (Prohibition) Ordinance, 2020 is

hereby repealed.

(2) Notwithstanding such repeal, anything done or any action taken under the said Ordinance shall be deemed to have been done or taken under the said Act.

## STATEMENT OF OBJECTS AND REASONS

It has come to the notice of the Government that there are attempts on the part of certain lawless persons operating individually or in groups to grab either by force, or by deceit or otherwise lands belonging to the Government, a local authority, a religious or charitable institution or endowment as well as private individuals. The land grabbers are setting up fictitious claims and indulging in large scale and fraudulent sales of land through unscrupulous real estate dealers or otherwise. As public order is adversely affected by such unlawful activities of land grabbers in the State.

Hence, the State Government of Gujarat with a view to prohibiting the activities of land grabbing and to provide for matters connected therewith has proposed to bring the Gujarat Land Grabbing (Prohibition) Act, 2020 into force. Apart from declaring land grabbing as unlawful, the State Government proposes to prohibit land grabbing. Therefore, it is proposed to provide for penalty for offences in connection with land grabbing to effectively implement this Act and for the purpose of providing speedy enquiry into an alleged act of land grabbing and trial of cases in respect of the ownership and title to, or lawful possession of the land grabbed by constituting a Special Court. It is felt that the State Government shall be able to curb the illegal land grabbing by enforcing the proposed legislation.

As the Gujarat Legislative Assembly was not in session at that time, the Gujarat Land Grabbing (Prohibition) Ordinance, 2020was promulgated to achieve the aforesaid objects.

The Bill seeks to replace the said Ordinance by an Act of the State Legislature.

The following notes on *clauses* explain, in brief, the important provisions of the Bill:-

***Clause 1.***-This clause provides for short title, extent and commencement of the Act.

***Clause 2.-*** This clause defines certain terms used in the Bill.

***Clauses 3 and 4.-***These clauses provide that the land grabbing in any form shall be prohibited and shall be declared unlawful and any activity connected with or arising out of land grabbing shall be an offence punishable under the Act; it also provide for punishment for continuing to be in occupation, otherwise than as a lawful tenant, of a grabbed land belonging to the Government, local authority, religious or charitable institution or endowment or other private person.

***Clause 5.-*** This clause provides for penalty for the offences as specified therein committed in connection with land grabbing.

***Clause 6.-*** This clause provides for the offences committed by the company.

***Clause 7.-*** This clause provides for the constitution of the Special Courts with the concurrence of the Chief Justice of the High Court of Gujarat.

***Clause 8.-*** This clause provides for the appointment of the public prosecutor for the special court.

***Clause 9.-*** This clause provides for the procedure to be followed and the powers to be exercised by the Special Court.

***Clause 10.-*** This clause provides that the Special Court shall be deemed to be a Civil Court or a Court of Sessions and shall have all the powers of a Civil Court and a Court of Sessions and person conducting a prosecution before the Special Court shall be deemed to be an Assistant Public Prosecutor.

***Clause 11.-*** This clause provides for the burden of proof would lie on the person who is alleged to have grabbed the land.

***Clause 12.-***This clause provide for the Information to be recorded and investigation to be carried out by the police officer.

***Clause 13.-***This clause provides that every person acting under the provisions of this Act shall be deemed to be a public servant within the meaning of section 21 of the Indian Penal Code.

***Clause 14.-***This clause provides for the protection of action taken in good faith.

***Clause 15.-***This clause provides that the provisions of this Act shall have effect notwithstanding anything inconsistent therewith contained in any other law for the time being in force or custom, usage or agreement or decree or order of a court or any other tribunal or authority.

***Clause 16.***- This clause provides for the power of State Government to make rules under this Act.

***Clause 17.-*** This clause provides for the alienation of the lands grabbed.

***Clause 18.***- This clause empowers the State Government to remove difficulties arising within a period of two years in giving effect to the provisions of the Act.

**KAUSHIK PATEL,**

**FINANCIAL MEMORANDUM**

*Clause* 7 of the Bill seeks to empower the State Government, with the concurrence of the Chief Justice of the High Court of Gujarat, to constitute one or more Special Courts for such area or areas, or for such cases or class or group of cases as also *clause* 8 of the Bill provides for the appointment of the Public Prosecutor. Hence, the Bill, if enacted and brought into force would involve expenditure from the Consolidated Fund of the State. However, at present, it is not possible to ascertain the exact amount of grant to be made available for such purpose.

**KAUSHIK PATEL,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative powers in the following respects:-

***Clause 7.-*** (i) Sub-clause (1) of this clause empowers the State Government to constitute, by notification in the *Official Gazette,* one or more Special Courts for such area or areas, or for such cases or class or group of cases, as may be specified in the notification, with the concurrence of the Chief Justice of the High Court of Gujarat.

(ii) sub-clause (6) of this clause empowers the State Government to reconstitute, by notification in the *Official Gazette,* the special Courts constituted under sub-clause (1) and also empowers to abolish at any time such Special Courts.

***Clause 16.*** **–** Sub-clause (1) of this clause empowers the State Government to make, by notification in the *Official Gazette*, rules for carrying out the purposes of the Act.

***Clause 18.*** **–** Sub-clause (1) of this clause empowers the State Government to make an order published in O*fficial Gazette,* to remove any difficulty if arisen in giving effect to the provisions of this Act within a period of two years.

The delegation of legislative power, as aforesaid, is necessary and is of a normal character.

Dated the 16th September, 2020. **KAUSHIK PATEL.**

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 19 OF 2020.**

***A B I L L***

*to prohibit land grabbing activities and connected matters in the State of Gujarat.*

**[ SHRI KAUSHIK PATEL ,**

**MINISTER FOR REVENUE]**

**( As published in the Gujarat Government Gazette 16th September, 2020)**

**D.M.PATEL,**
Secretary,
Gujarat Legislative Assembly.